# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-12-2025** **Midday : 2.30 TO 2.35 PM**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , આ વર્ષે ભારતે રાષ્ટ્રીય સુરક્ષાથી લઈને રમતગમત અને વિજ્ઞાન પ્રયોગશાળાઓથી લઈને વિશ્વના સૌથી મોટા મંચ સુધી દરેક જગ્યાએ મજબૂત અમીટ છાપ છોડી છે. આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશને સંબોધતા , શ્રી મોદીએ કહ્યું કે 'ઓપરેશન સિંદૂર' આ વર્ષે દરેક ભારતીય માટે ગૌરવનું પ્રતીક બન્યું.

(બાઇટ : PM-ON-OPERATION-SINDOOR)

પ્રધાનમંત્રીએ 23 નવેમ્બરથી શરૂ થયેલા અને 20 ફેબ્રુઆરી સુધી યોજાનાર કચ્છના રણોત્સવ વિશે પણ વાત કરી. તેમણે કહ્યું કે કચ્છના સફેદ રણની ભવ્યતા જોવી એ પોતાનામાં એક આનંદદાયક અનુભવ છે.

(બાઇટ : PM-MODI-ON-KUCHHA-RAN)

પોતાના સંબોધનના સમાપન કરતાં, પ્રધાનમંત્રીએ દરેકને સ્વસ્થ રહેવા અને ફિટ ઇન્ડિયા અભિયાનમાં ભાગ લેવાની યાદ અપાવી.

. . . . . . . . . . . . .

# BANASKANTHA MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશવાસીઓ સાથે 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા સંવાદ કર્યો. આ કાર્યક્રમને લઈને સમગ્ર દેશની સાથે બનાસકાંઠા જિલ્લામાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો. જિલ્લાના સરહદી વિસ્તારોમાં લોકોએ રેડિયો અને ટીવીના માધ્યમથી પ્રધાનમંત્રીના વિચારો સાંભળ્યા હતા. તે માટે બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લાના તાલુકાઓમાં ભાજપ દ્વારા બૂથ વાઈઝ વિશેષ આયોજન કરાયું.

. . . . . . . . . . . . .

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું , ઈન્ડિયન મેડિકલ એસોશિએશન-IMA એ તબીબી ક્ષેત્રમાં સૌથી વધુ યોગદાન આપ્યું છે. આજે અમદાવાદમાં ઈન્ડિયન મેડિકલ એસોશિએશન દ્વારા આયોજિત IMA નેટકોન 2025માં સંબોધન કરતાં શ્રી શાહે જણાવ્યું , આયુષમાન ભારત યોજનાથી દેશમાં મોટું પરિવર્તન આવ્યું. તેમણે ઉમેર્યું , કોરોનાકાળ દરમિયાન સેવારત રહેલા તબીબોએ દર્દીઓને પ્રાથમિકતા આપી.

(બાઇટ : અમિત શાહ )

તેમણે શેલા ખાતે વૈષ્ણોદેવી સર્કલથી ઓગણજ , શીલજ, શાંતિપુરા થઈને સનાથલ સાબરમતી નદી સુધી નવી ટ્રંક મુખ્ય લાઇનનું લોકાર્પણ કર્યું.

શ્રી શાહે આજે અમદાવાદ મહાનગરપાલિકાના અંદાજે 330 કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને નવા વણઝર ગામના 200 થી વધુ પરિવારોને જમીન ફાળવણીના પ્રમાણપત્રનું વિતરણ પણ કર્યું. તેઓ સાંજે થલતેજ ખાતે ગુરુદ્વારાના દર્શન કરશે. તેઓ વિશ્વ ઉમિયા ધામ ખાતે યુવા બિઝનેસ મહાસંમેલનનું ઉદ્ઘાટન તેમજ ગોધાવી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવન પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ નમોત્સવમાં ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . .

# MEHSANA FLOWER SHOW

મહેસાણા જિલ્લાના જગુદનમાં બાગાયત મહાવિદ્યાલય ખાતે ફ્લાવર શોનું આયોજન કરાયું, જેમાં 40 સેવતી, 7 ગલેડીયોલ, 5 રજનીગંધાની અને ચાઇના એસ્ટર તેમજ ફૂલોની અન્ય જાતોનું પ્રદર્શન કરાયું. આ પ્રદર્શનને નિહાળવા માટે શાળાના વિદ્યાર્થી, શિક્ષકો સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉમટી પડ્યા હતા.

. . . . . . . . . . . . . .

# SURENDRANAGAR SPARDHA

સુરેન્દ્રનગરના ચોટીલા તળેટી ખાતે ‘છઠ્ઠી રાજ્યકક્ષાની ચોટીલા આરોહણ-અવરોહણ સ્પર્ધા 2025-26નું આયોજન કરાયું છે. રાજ્યભરના જુનિયર સાહસવીર ભાઈઓ અને બહેનોને સાહસિક પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત કરવા હેતુ 30 ડિસેમ્બરે આયોજિત આ સ્પર્ધાનો પ્રારંભ વહેલી સવારે 7 કલાકે કરવામાં આવશે. ત્યારબાદ સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓ માટે સવારે 10 કલાકે  ચોટીલા તળેટી ખાતે ઈનામ વિતરણ સમારોહ યોજાશે.

. . . . . . . . . . . . .

# WOMAN -CRICKET

મહિલા ક્રિકેટમાં , ભારત આજે કેરળના તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ચોથી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકા સામે રમશે

આ મેચ આજે સાંજે 7 વાગ્યે શરૂ થશે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની મહિલા ટીમ 5 મેચની શ્રેણીમાં 3-0 સાથે પહેલાથી જ આગળ છે. શ્રેણીની પાંચમી મેચ મંગળવારે તે જ સ્થળે રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .